पुणा International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Grade -VI

# Gujarati

# Specimen

# copy

# Year- 2021-22

# અનુક્રમણિકા

| ક્રમ | પ્રથમ સત્ર | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| 7 | કલાકારની ભુલ | 2 |

## પાઠ – 7 કલાકારની ભૂલ



➢ **અઘરા શબ્દો**

1) શિલ્પી 2) આબેહૂબ
3) દંગ 4) પ્રાણ
5) ખ્યાલ 6) તરકીબ
7) નિષ્ણાંત 8) આયુષ્ય

➢ **શબ્દાર્થ**

1) શિલ્પી = મૂર્તિઓ બનાવનાર
2) આબેહૂબ = હૂબહૂ
3) દંગ = આશ્ચર્ય
4) પ્રાણ = જીવ
5) ખ્યાલ = ખબર

6) તરકીબ = યુક્તિ

7) યમરાજ = મૃત્યુના દેવ

8) આયુષ્ય = જીવવાનો સમય

9) નિષ્ણાત = હોશિયાર

➢ રૂઢિપ્રયોગનો અર્થ લખો.

1) બની જવું – છેતરાઈ જવું

## સ્વાધ્યાય

➢ સાહિત્ય

### પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) મોહન કેવી મૂર્તિઓ બનાવતો હતો?

જ) મોહન અદભૂત અને આબેહૂબ મૂર્તિઓ બનાવતો હતો.

2) મોહનને દૂત કેમ ઓળખી ન શક્યો?

જ) મોહને તેના જેવી જ બીજી મૂર્તિઓ બનાવી હતી તેથી મોહનને દૂત ઓળખી ન શક્યો.

3) ચોકીદારની મૂર્તિ જોઈને ચોર શા માટે ભાગી ગયા?

જ) મોહને ચોકીદારની આબેહૂબ મૂર્તિ બનાવી હતી અને તે જ મૂર્તિ તેણે ઘરનાં બારણે મૂકી હતી, ચોર તેને સાચો માણસ સમજીને ત્યાંથી ભાગી ગયા.

4) મોહનને શું સ્વપ્ન આવ્યું?

જ) મોહનને સ્વપ્ન આવ્યું કે કાલે તેનુ મૃત્યુ થવાનુ છે.

### પ્ર-2 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) યમરાજે દૂતને શું કહ્યું હતુ?

જ) યમરાજે દૂતને કહ્યું કે , " મૂર્ખ ,મોહન એક જ છે , પણ એ બુધ્ધિશાળી કલાકાર છે અને તુ એનાથી બની ગયો છે. આપણે દેવતા છીએ. થોડી બુધ્ધિ ચલાવ એટલે જીવતો મોહન

પકડાઈ જશે.એનુ આયુષ્ય પૂરૂ થઈ ગયું છે એટલે એને જીવતો રાખવાનો નથી."

**2)** વૃધ્ધ થતા મોહને શું વિચાર્યુ?

જ) વૃધ્ધ થતા મોહને વિચાર્યુ કે હવે મૃત્યુ નજીક છે માટે કોઈ એવું કાર્ય કરી જવું જોઈએ કે લોકો વર્ષો સુધી ના ભૂલે.

3) મોહન કેવી રીતે પકડાઈ ગયો?

જ) દૂત જ્યારે ફરીથી આવ્યો ત્યારે તે વખતે તે એક પછી એક મૂર્તિ શાંતિથી જોવા લાગ્યો. બધી મૂર્તિઓ જીવંત જ લાગતી હતી. મોહન પણ આંખો પટપટાવતોટાવતો ન હતો. દૂત ધીમેથી બોલ્યો, "ભાઈ, મોહન, તુ ચતુર છો, મૂર્તિઓ સર્જવામાં નિષ્ણાંત છો, પણ મૂર્તિમાં એક ભૂલ રહી ગઈ છે."

ત્યારે મોહન એકદમ બોલી ઊઠ્યો, શી ભૂલ છે? અને તે પકડાઈ ગયો.

- <u>વ્યાકરણ</u>

## પ્ર-4 નીચેનાં શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **1)** | દ્વાર | = | બારણું | **2)** | વૃધ્ધ | = | ઘરડા |
| 3) | યુક્તિ | = | વિચાર | 4) | ચતુર | = | હોંશિયાર |
| 5) | તુચ્છ | = | નાનું | 5) | આંખ | = | નયન |

## પ્ર-5 નીચેનાં શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **1)** | મરેલું | x | જીવતું | **2)** | યુવાન | x | વૃધ્ધ |
| 3) | અશાંતિ | x | શાંતિ | 4) | મૂર્ખ | x | ચતુર |
| 5) | ઝડપી | x | ધીમું | 5) | આવવું | x | જવું |

## પ્ર-6 શબ્દનાં પાછળ ' દાર ' લગાવી ખાલી જગ્યા પુરો.

| | | | |
|---|---|---|---|
| **1)** | ચોકી - ચોકીદાર | **2)** | કામ - કામદાર |
| **3)** | ધાર - ધારદાર | **4)** | દુકાન – દુકાનદાર |

## પ્ર-8 નીચેના શબ્દસમુહ માટે એક શબ્દ આપો.

**1)** મૂર્તિઓ બનાવનાર = શિલ્પી

**2)** કલાનું સર્જન કરનાર = કલાકાર

## ➢ પ્રવૃત્તિ

**નીચેની શબ્દ-રમતમાંથી પાઠમાં આવતા પાંચ શબ્દો શોધો અને વાક્ય બનાવો.**

| | | | | |
|---|---|---|---|---|
| ખે | ત | ચો | પા | ટ |
| ચ | તુ | ર | ત | બ |
| ભ | ભૂ | દ્દ | કી | રા |
| ર | વ | લ | ટ | બ |
| દે | ક | લા | કા | ર |